# હવે પુણામાં ખુલ્લા પ્લોટમાં હોટફિક્સ કચરો સળગ્યો

**ધુમાડાના** ગોટેગોટા દૂર સુધી દેખાયા, ફાયર બ્રિગેડે અડધા કલાકે આગ કાબૂમાં લીધી

સુરત : પુણાગામ તથા આસપાસના વિસ્તારોમાં હોટફિક્સ કચરો સળગવાના બનાવો વારંવાર બની રહ્યા છે. ત્યારે રવિવારે સાંજે પુણાગામના કિરણ ચોક વિસ્તારમાં આવેલા ખુલ્લા પ્લોટમાં હોટફિક્સ કચરો સળગતાં ફાયર બ્રિગેડને દોડતું થવું પડ્યું હતું. આગના કારણે આસપાસના વિસ્તારમાં ધુમાડાના ગોટેગોટા ફેલાઈ જતાં લોકોમાં પણ ચિંતા જોવા મળી હતી.

ફાયર કંટ્રોલ રૂમને હોટફિક્સ કચરો સળગાવવાની જાણ થતાં જ પુણા ફાયર બ્રિગેડનો કાફલો તાત્કાલિક ઘટના સ્થળે પહોંચ્યો હતો. ફાયર ઓફિસર પ્રવિણ ચૌધરીએ જણાવ્યું હતું કે, સાંજના સમયે કિરણ ચોક વિસ્તારમાં ખુલ્લા પ્લોટમાં હોટફિક્સ કચરો સળગતો હોવાનો કોલ મળ્યો હતો. કોલ મળતાં જ ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. ઘટનાસ્થળે હોટફિક્સ કચરામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું અને તેના કારણે ધુમાડાના ગોટેગોટા દૂર સુધીના વિસ્તારોમાં દેખાતા હતા. ફાયર બ્રિગેડે ઘટના સ્થળ પર પહોંચી આગને કાબૂમાં લીધી હતી.

## કાપોદ્રામાં રેફ્રિજરેશનની દુકાનમાં આગ

**ભારે** દોડધામ મચ્યા બાદ ફાયર વિભાગની સમયસૂચકતાથી જાનહાનિ ટળી



સુરત : શહેરના ધમધમતા એવા કાપોદ્રા વિસ્તારમાં અચાનક આગ ફાટી નીકળવાની ઘટના સામે આવી છે. કાપોદ્રા ખાતે આવેલી 'ગાયત્રી રેફ્રિજરેશન' નામની દુકાનમાં અગમ્ય કારણોસર ભીષણ આગ ભભૂકી ઊઠતા સમગ્ર વિસ્તારમાં ભારે અફરાતફરી અને દોડધામ મચી ગઈ હતી. દુકાનમાંથી ધુમાડાના ગોટેગોટા નીકળતી જોઈ આસપાસના સ્થાનિક રહીશો અને વેપારીઓમાં ગભરાટનો માહોલ ફેલાઈ ગયો હતો.

બનાવની જાણ થતાં જ આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા અને તાત્કાલિક સુરત મહાનગરપાલિકાના ફાયર બ્રિગેડ વિભાગને જાણ કરવામાં આવી હતી. કંટ્રોલ રૂમ તરફથી સંદેશો મળતાં જ નજીકના અલગ-અલગ ફાયર સ્ટેશનોમાંથી ફાયર ફાઈટરોની ગાડીઓ તાબડતોબ ઘટનાસ્થળે દોડી આવી હતી. ફાયર વિભાગના જવાનોએ પરિસ્થિતિની ગંભીરતાને પારખીને તુરંત જ બચાવ કામગીરી શરૂ કરી હતી અને ચારેય તરફથી પાણીનો ભારે મારો ચલાવ્યો હતો. રેફ્રિજરેશનની દુકાન હોવાને કારણે અંદર ગેસ સિલિન્ડર, કમ્પ્રેસર તથા અન્ય જ્વલનશીલ સામગ્રી હોવાથી આગ વધુ વિકરાળ બને તેવો ભય સેવાઈ રહ્યો હતો. જોકે, ફાયર વિભાગની ટીમે ભારે જહેમત બાદ આગને વધુ ફેલાતી અટકાવી સમયસર કાબૂમાં લઈ લીધી હતી. આ દુર્ઘટનામાં સદનસીબે કોઈ જાનહાનિના અહેવાલ નથી, જે એક મોટી રાહતની વાત છે. પરંતુ આગની તીવ્રતા એટલી વધારે હતી કે દુકાનમાં રાખેલો રેફ્રિજરેટર, પાર્ટ્સ સહિત તમામ સામાન સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગયો હતો, જેના પગલે વેપારીને મોટું આર્થિક નુકસાન પહોંચ્યું છે. પ્રાથમિક દ્રષ્ટિએ શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે, જ્યારે ફાયર વિભાગે આગ લાગવાના ચોક્કસ કારણ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

# ડેન્ગ્યુમાં 11 વર્ષના બાળકનું મોત, હોસ્પિ. સામે બેદરકારીનો આક્ષેપ

**ચૌટાબજારની** સ્નેહ ક્લિનિકમાં સારવાર દરમિયાન પેટમાં દુખાવો અને ઝાડા બાદ બાળક બેભાન થયું હતું

સુરતઃ રામપુરામાં રહેતા 11 વર્ષના ડેન્ગ્યુગ્રસ્ત બાળકનું સારવાર દરમિયાન મોત થતાં પરિવારજનોએ ચૌટાબજારની ખાનગી હોસ્પિટલના ડોક્ટર અને સ્ટાફ સામે બેદરકારીના ગંભીર આક્ષેપ કર્યા હતા.

રામપુરાના અલસફા એપાર્ટમેન્ટમાં રહેતા ઝાહિર મલિક હોટલના વ્યવસાય સાથે સંકળાયેલા છે. તેમના 11 વર્ષીય પુત્ર મોહમ્મદ જેદને થોડા દિવસથી તાવ અને ઝાડા થતાં પરિવારજનો ગત તા. 30 સપ્ટેમ્બરના રોજ તેને ચૌટાબજાર સ્થિત સ્નેહ ક્લિનિક અને બાળકોની હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયા હતા. ત્યાં તપાસ કરાવતા બાળક ડેન્ગ્યુ પોઝિટિવ હોવાનું નિદાન થયું હતું. ગઈકાલે રાત્રે બાળકને અચાનક પેટમાં દુખાવો થતાં હોસ્પિટલના નર્સિંગ સ્ટાફ દ્વારા ઈન્જેક્શન આપવામાં આવ્યું હતું. ત્યારબાદ તેને ચારથી પાંચ વખત ઝાડા થયા હતા. પરિવારનો આક્ષેપ છે કે, બાળકની તબિયત બગડતી હોવા છતાં હોસ્પિટલના ડોક્ટર અને સ્ટાફ દ્વારા યોગ્ય સારવાર આપવામાં આવી ન હતી. ત્યારબાદ બાળકને વધુ સારવાર માટે અન્ય ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. આક્ષેપોને પગલે બાળકનું નવી સિવિલ હોસ્પિટલમાં ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું. સમગ્ર મામલે અઠવાલાઈન્સ પોલીસે તપાસ શરૂ કરી છે.

### તબીબે કહ્યું- જરૂરી સારવાર આપવામાં આવી

આ અંગે સ્નેહ ક્લિનિક અને બાળકોની હોસ્પિટલના ડો. ગિરીશ દેસાઈએ જણાવ્યું હતું કે, ગઈકાલે અચાનક પેટમાં દુખાવો થતાં નર્સિંગ સ્ટાફ દ્વારા દવા આપવામાં આવી હતી. ત્યારબાદ આશરે અડધા કલાકમાં બાળકને બે-ત્રણ વખત ઝાડા થયા હતા. બાદમાં તેના પગમાં અચાનક દુખાવો થતાં તે બેભાન થઈ ગયો હતો. તબીબોની ટીમે તાત્કાલિક સારવાર શરૂ કરી હતી અને સીપીઆર પણ આપવામાં આવ્યું હતું. હોસ્પિટલના ડોક્ટર અને સ્ટાફ દ્વારા જરૂરી સારવાર આપવામાં આવી હોવાનો દાવો કરી તેમણે પરિવારના બેદરકારીના આક્ષેપોને ખોટા ગણાવ્યા હતા.



## શ્રાદ્ધપક્ષમાં પિતૃઓ માટે કાગવાસની લાંબી લાઈન વચ્ચે એક જ કાગડો



■ ૧૬ દિવસના શ્રાદ્ધપક્ષ દરમિયાન પિતૃઓના નામે ભોજનનો પહેલો હિસ્સો કાગવાસ રૂપે છત કે અગાસી પર મૂકવામાં આવે છે. તસવીરમાં બ્રિજના કિનારે અનેક પરિવાર દ્વારા ભોજન મુકાયું હોવાની લાંબી લાઈન દેખાય છે જ્યારે તેની સામે એકમાત્ર કાગડો દેખાય રહ્યો છે. પહેલાં મોટી સંખ્યામાં જોવા મળતાં કાગડા આજના સમયે ખૂબ ઓછા દેખાય રહ્યા છે, અને તે પણ શ્રાદ્ધપક્ષ આવે ત્યારે જ ખ્યાલ આવે છે. (તસવીર : સતીષ જાદવ)

# વકીલોની હડતાળ પાછી ખેંચાવવા સરકાર સક્રિય

**આજે** સુરત સહિત ગુજરાતભરના વકીલોની જડબેસલાક હડતાળ

**બીસીજી** સાથે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની વિડીયો કોન્ફરન્સ થઈ

સુરતઃ ભાડા વિધેયકની સામે વકીલોની હડતાળ પાછી ખેંચાઈ એ માટે સરકાર સક્રિય થઈ હોવાનું જાણવા મળ્યું છે. બીજી તરફ સુરત સહિત ગુજરાતભરના વકીલો આ વિધેયક રદ થાય ત્યાં સુધી લડત ચાલુ રાખવાનું મન બનાવી રહ્યાં છે. ગુજરાત ભાડા વિધેયકને રદ કરાવવા માટે ગુજરાત બાર કાઉન્સિલે આવતીકાલે સોમવારે જડબેસલાક હડતાળના એલાનને સફળ બનાવવા માટે સુરત સહિત ગુજરાતભરના વકીલ મંડળોએ કમ્મર કસી લીધી છે. ગઈકાલે બીસીજીએ ગુજરાતભરના વકીલો એક સાથે હડતાળ પાડી કોર્ટ કામકાજથી અળગાં રહેવાનું એલાન કર્યું હતું. જાણકાર સૂત્રોના જણાવ્યા મુજબ સરકાર તરફથી બીસીજીનો સંપર્ક કરી હડતાળ પાછી ખેંચવામાં આવે તેવા પ્રયાસો થઈ રહ્યા છે. જો કે હાલ સરકાર તરફથી કોઈ લેખિત આશ્વાસન મળ્યું ન હોવાથી આવતીકાલથી શરૂ થનારી હડતાળને સફળ બનાવવા માટે તમામ બીસીજી સભ્યો કાર્યરત રહેશે. દરમિયાન બીસીજીના ચેરમેન પી.ડી. પટેલનો ટેલિફોનીક સંપર્ક કરતાં તેમણે જણાવ્યું હતું કે આજે બપોરે બારેક વાગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સાથે બીસીજીની વિડીયો કોન્ફરન્સ થઈ હતી. જેમાં સરકાર પોઝિટિવ હોવાનું કહેવામાં આવ્યું હતું. પરંતુ બીસીજી તરફથી જાહેર બાંહેધરી માંગવામાં આવી હતી. જોકે સરકાર તરફથી કોઈ બાંહેધરી હજુ સુધી આપવામાં આવી નથી. આવતીકાલથી બીસીજીના આહવાનથી ગુજરાતના ૨૮૨ વકીલ મંડળો જડબેસલાક હડતાળ પાડશે.

## રેલવે સ્ટેશન પાસે અજાણી મહિલાની લાતથી એક વર્ષના બાળકનું મોત

સુરતઃ નિઃશુલ્ક ભોજન લેવા ગયેલી મહિલાને અન્ય મહિલાએ લાત મારતા ગોદમાં રહેલા બાળકનું નીચે પટકાતા મોત થયું હતું.

મળેલી માહિતી મુજબ, મૂળ ઉત્તરપ્રદેશના વતની અજયભાઈ રાજપૂત હાલ નાનપુરા વિસ્તારમાં ડચ ગાર્ડન પાસે ઝૂંપડામાં પત્ની ખુશ્બુ અને એક વર્ષના પુત્ર પિયુષ સાથે રહે છે. પાંચ દિવસ પહેલાં સાંજના સમયે ખુશ્બુ પોતાના એક વર્ષના પુત્ર પિયુષ સાથે રેલવે બ્રિજ નીચે બાળક માટે જમવાનું લેવા ત્યાં ગઈ હતી. આ સમયે ત્યાં હાજર એક અજાણી મહિલાએ ખુશ્બુને અહીંથી જમવાનું નહીં મળે તેમ કહી ત્યાંથી ભગાડવાનો પ્રયાસ કર્યો હતો. મહિલાએ ખુશ્બુને લાત મારી પણ લાતથી બચવા ખુશ્બુ ખસતા ગોદમાં રહેલું બાળકનીચે પટકાયો હતો. આ ઘટનામાં બાળકને ઈજા થતાં તેનું મોત થયું હતું.

# SDCAની સામાન્ય સભામાં ત્રણ કલાક સુધી હંગામો ચાલતો રહ્યો

**ટેન્ડર** વિના રૂ.7 કરોડના કામો સહિતના મુદ્દે સવાલોનો મારો

**સત્તાધારી** પક્ષે ટેન્ડર પ્રક્રિયામાં ભૂલ સુધારવા ખાતરી આપી

સુરતઃ સુરત ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસિએશનની વાર્ષિક સામાન્ય સભામાં ભારે હંગામો થયો હતો. હેમંત કોન્ટ્રાક્ટર પેનલના યેશા કોન્ટ્રાક્ટર, અક્ષરા કોન્ટ્રાક્ટર, મહેક ગાંધી તથા HC પેનલના સમર્થક સભ્યો પારસ જૈન, મયુર ગોળવાલા અને રોહન દેસાઈએ ટેન્ડર વિના આશરે રૂ.7 કરોડના કામો અપાયા હોવાના મુદ્દે ઓડિટરના શેરા અંગે ચર્ચાની માંગ કરી હતી.

સભામાં રજૂઆત થઈ હતી કે રૂ.5 લાખથી ઓછા કામો માટે પણ ત્રણ ક્વોટેશન જોવાની પ્રક્રિયા જરૂરી છે, ત્યારે મોટી રકમના કામો ટેન્ડર વિના કેવી રીતે અપાયા તેની સ્પષ્ટતા થવી જોઈએ. કેટલાક સભ્યોએ કમિટી સમક્ષ આવેલી દરખાસ્ત કરતાં અનેકગણી રકમના કામો કરાવાયા હોવાના તથા ક્વોટેશન લીધા વિના કારોબારી સભ્યો સાથે સંકળાયેલા સ્થળેથી સામગ્રી ખરીદાતી હોવાના આક્ષેપો પણ કર્યા હતા.

જૂના સ્ટેડિયમનો સ્ટ્રક્ચરલ સ્ટેબિલિટી રિપોર્ટ મેળવ્યા વિના સોલાર પેનલ લગાવવામાં આવી હોવાનો મુદ્દો પણ ઊઠ્યો હતો. સેક્રેટરી હિતેશ પટેલે જણાવ્યું કે મોટી સંસ્થામાં તાત્કાલિક નિર્ણય લેવાની સ્થિતિમાં કેટલીક વખત ટેન્ડર વિના ક્વોટેશનથી કામ કરવું પડે છે. જોકે, હવે પછી ટેન્ડર પ્રક્રિયા મારફતે જ કામો કરાવવાની ખાતરી તેમણે આપી હતી. સત્તાધારી પક્ષે અંતે ટેન્ડર પ્રક્રિયામાં થયેલી ભૂલ સ્વીકારી હતી.

### સર્વાનુમતે નિર્ણય લેવાયા છેઃ હિતેશ પટેલ

SDCAના સેક્રેટરી હિતેશ પટેલ(ભરથાણા)એ જણાવ્યું હતું કે, અગાઉ પણ એવું થતું જ હતું છતાં હવે પછી ટેન્ડર પ્રક્રિયાથી જ કામો આપીશું. કોઈ ગેરરીતિ થઈ નથી. બધા જ નિર્ણયો કારોબારીની સહમતિથી લીધા છે.

### ગાળો બોલાયાની ચર્ચા

SDCAની સામાન્ય સભા આજે હંગામેદાર રહી હતી. શાસક અને વિપક્ષના સભ્યો પિત્તો ગુમાવ્યો હતો. વિપક્ષના બે-ત્રણ સભ્યએ વ્યક્તિગત ટાર્ગેટ કરતાં સવાલો રજૂ કર્યા હતા. દરમિયાન પ્રશ્નો પૂછનારા બે સભ્યને કારોબારીના બે સભ્યએ જાહેરમાં ગાળો આપી હોવાની પણ ચર્ચા સભ્યોમાં રહી હતી.

# IMA સુરતના 111મા પ્રમુખ તરીકે ડો. દીપ્તિ પટેલે સંભાળ્યો કાર્યભાર

**ડોક્ટરો** અને સમાજ વચ્ચે વધુ સારા સમન્વય સાથે જનજાગૃતિના કાર્યક્રમો યોજવાનો સંકલ્પ




સુરતઃ ઈન્ડિયન મેડિકલ એસોસિએશન (IMA) સુરત બ્રાન્ચના 111મા પ્રમુખ તરીકે ગાયનેકોલોજિસ્ટ ડો. દીપ્તિ પટેલે આજે કાર્યભાર સંભાળ્યો હતો. જ્યારે ડો. રજનીકાંત પટેલે સેક્રેટરી તરીકે પોતાના કાર્યકાળની શરૂઆત કરી હતી. સુરતના ડ્રીમ ફેસ્ટિવલ ખાતે વિવિધ હોદ્દેદારોના પદગ્રહણ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. સમારોહમાં IMA ઈન્ડિયાના પ્રમુખ ડો. અનિલ નાયક, ગુજરાત સ્ટેટ બ્રાન્ચના પ્રમુખ ડો. અનિલ પટેલ તેમજ સુરત જિલ્લા કલેક્ટર તેજસ પરમાર સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. IMA સુરત બ્રાન્ચમાં 4,800થી વધુ સભ્યોનો પરિવાર છે. પદગ્રહણ બાદ ડો. દીપ્તિ પટેલ અને ડો. રજનીકાંત પટેલે આગામી કાર્યકાળનું વિઝન રજૂ કર્યું હતું. સમાજને ઉપયોગી બને તેવા વિવિધ કાર્યક્રમો યોજવા તેમજ તબીબો અને સામાન્ય લોકો વચ્ચે વધુ સારો સમન્વય જળવાઈ રહે તે માટે કામગીરી કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી હતી. તબીબી ક્ષેત્રને લગતી જનજાગૃતિ વધારવા ઉપરાંત સામાજિક જવાબદારીના ભાગરૂપે વિવિધ સેવાકીય અને જનહિતના કાર્યક્રમો યોજવા માટે IMA સુરતની નવી ટીમ કટિબદ્ધ રહેશે તેમ જણાવાયું હતું.

# ઝાંપાબજારમાં DPTની ઓફિસ બહાર બાઉન્સરોનો વેપારી પર જીવલેણ હુમલો

**તહા** બાદશાહ અને ૫ થી ૭ બાઉન્સરોના ટોળાએ શર્ટની ફેંટ પકડી રોડ પર પાડી દઈ ડંડા અને ફેંટો વડે ક્રૂરતાપૂર્વક માર માર્યો

**મહિધરપુરા** પોલીસે રાયોટિંગનો ગુનો નોંધી તપાસ શરૂ કરી

સુરત શહેરના મધ્યમાં આવેલા ઝાંપાબજાર દેવડી ખાતે આવેલી દાઉદી વ્હોરા પ્રોપર્ટી ટ્રસ્ટ (DPT) ની ઓફિસ બહાર ભારે અફરાતફરી મચી ગઈ હતી. સાસુની મિલકત વેચાણ અંગે પૂછપરછ કરવા ગયેલા શાકભાજીના વેપારી સાથે ધક્કામુક્કી બાદ ઉશ્કેરાયેલા તહા બાદશાહ નામના શખ્સ અને તેના ૫ થી ૭ બાઉન્સરોના ટોળાએ જાહેરમાં વેપારી પર લાકડીઓ અને ફેંટો વડે જીવલેણ હુમલો કરી લોહીલુહાણ કરી મૂક્યો હતો. આ મામલે મહિધરપુરા પોલીસે રાયોટિંગ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી આરોપીઓને દબોચી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

ઈન્દરપુરા બદરી રોડ ખાતે રહેતા અને સરદાર માર્કેટ ખાતે બ્રિજ નીચે શાકભાજીનો વેપાર કરતા ૩૧ વર્ષીય મોહમદ શાહરૂખ ઉર્ફે માયા અબ્દુલ સત્તાર શેખ ગત તા. ૦૨/૧૦/૨૦૨૬ના રોજ સવારે આશરે અગિયારેક વાગ્યે ઝાંપાબજાર દેવડી ખાતે આવ્યા હતા. તેમના સાસુની મિલકત DPT ટ્રસ્ટ ખરીદવાનું હોવાથી તે અંગે જરૂરી માહિતી મેળવવા તેઓ DPT ઓફિસે ગયા હતા. તે સમયે ઓફિસમાં ભારે ભીડ હોવાથી શાહરૂખે અંદર જવાનો પ્રયાસ કરતાં ધક્કામુક્કી થઈ હતી. આ બાબતે ત્યાં તૈનાત બાઉન્સરો સાથે બોલાચાલી થતાં મામલો બિચક્યો હતો. ઉશ્કેરાયેલા તાહા બાદશાહ નામના વ્યક્તિ તેમજ તેની સાથેના ૫ થી ૭ બાઉન્સરોએ એકસંપ થઈ શાહરૂખને ઓફિસની બહાર ખેંચી આવ્યા હતા. આરોપીઓએ તેના શર્ટનો કોલર પકડીને ફેંટોનો માર મારવાનું શરૂ કર્યું હતું. આ દરમિયાન ૨ થી ૩ બાઉન્સરોએ હાથમાં રહેલી સ્ટીક વડે બરડામાં અને શરીરે આડેધડ ઘા ઝીંકી દીધા હતા અને તેને રોડ પર પાડી દીધો હતો. હુમલામાં શાહરૂખને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતાં લોહી વહેવા લાગ્યું હતું અને પીઠ તથા ડાબા હાથે મુઢ ઈજાઓ થઈ હતી. ઘટનાસ્થળે લોકોનું ટોળું ભેગું થઈ જતાં અને કોઈકે પોલીસ કંટ્રોલ રૂમમાં ફોન કરતાં પોલીસ વાન આવી પહોંચી હતી. પોલીસને જોઈને તાહા બાદશાહ અને બાઉન્સરો સ્થળ પરથી ભાગી છૂટ્યા હતા.

## લગ્ન આમંત્રણની APK ફાઈલ ક્લિક કરતાં 10 લાખ ગયા

સુરતઃ કતારગામ સુમુલ ડેરી રોડ પર આવેલી નગીનાવાડી સોસાયટીમાં રહેતા અને મકાન દલાલીનું કામ કરતાં વિરલભાઈ લવજીભાઈ પટેલના વોટ્સએપ નંબર પર મિત્ર વિક્રમભાઈ પટેલના નંબર પરથી 'wedding invitation.APK' નામની ફાઈલ આવી હતી. મિત્રનો મેસેજ હોવાનું માની વિરલભાઈએ ફાઈલ પર ક્લિક કરતાં એપ્લિકેશન તેમના મોબાઈલમાં ઈન્સ્ટોલ થઈ ગઈ હતી. તે સમયે ફોન હેક થયો હોવાની શંકા ઊભી થઈ હતી, પરંતુ થોડા સમય બાદ મોબાઈલ સામાન્ય રીતે કામ કરવા લાગ્યો હતો. ૨૩ સપ્ટેમ્બરના રોજ મોબાઈલ પર બેંક ખાતામાંથી નાણાં ઉપડ્યાના મેસેજ આવવા લાગ્યા હતા. તપાસ કરતાં ખાતામાંથી રૂ.૧૦ લાખનું ટ્રાન્ઝેક્શન થઈ ચૂક્યું હોવાનું સામે આવ્યું હતું. બેંકમાં જઈ ખાતું ફ્રીઝ કરાવ્યા બાદ વિરલભાઈએ સાયબર હેલ્પલાઈન ૧૯૩૦ પર ફરિયાદ નોંધાવી હતી.

# ચોકલેટની લાલચ આપી 5 વર્ષની બાળકી સાથે વૃદ્ધની અશ્લીલ હરકત

**બાળકી** રમવા ગઈ ત્યારે વૃદ્ધ તેને બીજા માળે લઈ ગયો હતો, ઉત્રાણ પોલીસે ધરપકડ કરી

સુરતઃ ઉત્રાણ વિસ્તારમાં પાંચ વર્ષીય માસૂમ સાથે પાડોશી વૃદ્ધે અસલી હરકતો કરી જાતીય સતામણી કરવાનો કિસ્સો સામે આવ્યો છે. માસૂમને વૃદ્ધ ચોકલેટ આપવાની લાલચ આપી ઘરના પહેલા માળે લઈ ગયો હતો.

પોલીસ ફરિયાદ મુજબ, ઉત્રાણ વિસ્તારમાં મૂળ ભાવનગરનો પરિવાર રહે છે. પરિવારને એક પાંચ વર્ષની દીકરી વર્ષા (નામ બદલ્યું છે) અને એક દીકરો છે. તા. ૩ ઓક્ટોબરના રોજ સવારે વર્ષા અન્ય બાળકી સાથે રમવા માટે ગઈ હતી. થોડા સમય બાદ બાળકી ઘરે પરત આવી ત્યારે તે રડતી હતી. પરિવારજનોને શરૂઆતમાં ઘટનાની જાણ થઈ નહોતી. જે બાદ ફરી સાંજે બાળકી ફરી રડતી અને ગભરાયેલી જણાતાં માતાએ પૂછપરછ કરતાં બાળકીએ સવારે બનેલી સમગ્ર ઘટનાની જાણ કરી હતી. બાળકીના જણાવ્યા મુજબ, પાડોશમાં રહેતા વિનુ દાદા તેને સ્ટીકરવાળી ચોકલેટ આપવાની લાલચ આપી પોતાના ઘરે બીજા માળે લઈ ગયો હતો. ત્યાં તેણે પોતાનું પેન્ટ ઉતારી લિંગ પકડવા જણાવ્યું હતું. વર્ષા આ કરવાનું ના પાડતા તેની છાતીએ હાથ ફેરવવાનું શરૂ કરતાં તે યેન કેન પ્રકારે ત્યાંથી ભાગી છૂટી હતી. ઘટનાની જાણ પરિવારજનોને થતાં તેઓએ પોલીસની મદદ માટે 112 પર કોલ કર્યો હતો. ત્યારબાદ પોલીસની ટીમે પરિવારજનોને પોલીસ સ્ટેશન લઈ જઈ ફરિયાદ નોંધી હતી. આ ગંભીર ફરિયાદના આધારે ઉત્રાણ પોલીસે પોસ્કો સહિતની કલમો હેઠળ ગુનો નોધી આરોપી ૬૭ વર્ષીય વિનુભાઈ અરજણભાઈ ભાદાણીની ધરપકડ કરી લીધી છે.

# રિક્ષા બચતના પૈસા મુદ્દે રિંગ રોડ પર યુવકની ઘાતકી હત્યા

**આરોપી** સોએબ અગાઉ પણ મર્ડર અને છેડતીના કેસમાં પકડાઈ ચૂક્યો છે

સુરતઃ સલાબતપુરા વિસ્તારમાં રિક્ષા બચતના પૈસાની બાબતમાં થયેલી બોલાચાલીમાં એક યુવકની ચપ્પુના આડેધડ ઘા ઝીંકી ક્રૂરતાપૂર્વક હત્યા કરવામાં આવી હતી.

લિંબાયતના શાહપુરા ખાતે મોહંમદિયા રેસિડેન્સીમાં રહેતા ૨૬ વર્ષીય સોહેલ મોહંમદ ઈકબાલ અંસારી તા ૨૪/૦૯/૨૦૨૬ના રોજ રાત્રે આશરે સાડા દસેક વાગ્યે ઘરે આવ્યો હતો. આ સમયે તેના કપડાં લોહીથી ખરડાયેલાં હતાં અને શરીર પર પાટા-બેન્ડેડ બાંધેલા હતા. પિતાએ ઈજા અંગે પૂછપરછ કરી હોવા છતાં સોહેલે કંઈ જણાવ્યું નહોતું. રાત્રે સવા અગિયાર વાગ્યાના અરસામાં આરામ કરતી વખતે સોહેલ અચાનક બેભાન થઈ ગયો હતો. પરિવારજનો તેને તાત્કાલિક રિક્ષામાં સ્મીમેર હોસ્પિટલ લઈ ગયા હતા, જ્યાં ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. ત્યાર બાદ પરિવારને જાણ થઈ હતી કે, તે રાત્રે આઠ વાગ્યે મિલેનિયમ માર્કેટ-૨ ગેટ નંબર ૫ ની સામે પે એન્ડ યુઝ શૌચાલય પાછળ બ્રિજ નીચે સોહેલ અંસારી અને સોયેબ ઉર્ફે ડમા અખ્તર સિદ્દીકી વચ્ચે રિક્ષા બચતના પૈસા લેવા બાબતે ઝઘડો થયો હતો. જેમાં સોએબે તેને ચપ્પુ વડે બંને પગ તથા હાથના ભાગે આડેધડ ઘા ઝીંકી દીધા હતા. હુમલા બાદ સોહેલ લોહીલુહાણ થઈ જતાં હુમલાખોર સોયેબ ભાગી છૂટ્યો હતો.

આ મામલે મૃતકના મોટા ભાઈ સોએબ મોહંમદ ઈકબાલ અંસારી (ઉ.વ.૨૭, ધંધોઃ મજુરીકામ) ની ફરિયાદના આધારે સલાબતપુરા પોલીસે ગુનો નોંધી આરોપી સોયેબ ઉર્ફે ડમાની ધરપકડ કરી છે. પકડાયેલો આરોપી સોયેબ ઉર્ફે ડમા રીઢો ગુનેગાર છે અને અગાઉ પણ લિંબાયતમાં તેની હત્યા તેમજ છેડતીના ગુનામાં ધરપકડ થઈ ચૂકી છે. તે હત્યાના કેસમાં જામીન પર બહાર આવીને ફરી એક હત્યાના ગુનાને અંજામ આપ્યો હોવાનું ખુલ્યું છે.

# હર્ષ સંઘવીએ અશોકજી સિંઘલના જીવનના પાંચ ગુણો ગણાવ્યા

**સમર્પણ,** સંગઠનશક્તિ, સમરસતા, સંકલ્પ અને સંસ્કૃતિને જીવનમાં ઉતારવા અપીલ

સુરત : અશોકજી સિંઘલે પોતાનું સમગ્ર જીવન રાષ્ટ્ર, સમાજ અને સંસ્કૃતિની સેવા માટે સમર્પિત કર્યું હતું. સંપન્ન પરિવારમાં જન્મેલા હોવા છતાં તેમણે ભૌતિક સુખ-સુવિધાઓનો ત્યાગ કરી રાષ્ટ્રસેવાનો માર્ગ પસંદ કર્યો હતો, તેમ ગુજરાતના ઉપમુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું હતું.

સામાજિક સંગોષ્ઠીમાં સંબોધન કરતાં સંઘવીએ અશોકજી સિંઘલના જીવનના પાંચ ગુણો સમર્પણ, સંગઠનશક્તિ, સમરસતા, સંકલ્પ અને સંસ્કૃતિ વિશે વાત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, 1926માં જન્મેલા અશોકજી સિંઘલે 1950માં કાશી હિન્દુ વિશ્વવિદ્યાલયમાંથી એન્જિનિયરિંગની ડિગ્રી મેળવી હતી. કારકિર્દીની અનેક તકો હોવા છતાં તેમણે પોતાનું જીવન સમાજ અને રાષ્ટ્રસેવામાં અર્પણ કર્યું હતું. 1982માં વિશ્વ હિન્દુ પરિષદ સાથે જોડાયા બાદ અશોકજી સિંઘલે સંતો ઉપરાંત સામાન્ય સમાજને સંગઠિત કરી હિન્દુ સમાજને એકતાના સૂત્રમાં જોડવાનું કાર્ય કર્યું હતું. શ્રીરામ જન્મભૂમિ આંદોલનમાં તેમના દૃઢ સંકલ્પ અને નેતૃત્વને યાદ કરતાં સંઘવીએ જણાવ્યું હતું કે, અયોધ્યામાં ઊભેલું ભવ્ય શ્રીરામ મંદિર તેમના સંકલ્પની ઐતિહાસિક સ્મૃતિ છે. તેમણે સમાજના પછાત અને ઉપેક્ષિત વર્ગોને આત્મીયતાથી જોડવા માટે સતત પ્રયાસ કર્યા હતા. વેદ, સંસ્કૃત, ગૌમાતા, ગંગા અને તીર્થ પરંપરાના સંરક્ષણને પણ તેમણે સાંસ્કૃતિક ચેતનાનો ભાગ ગણાવ્યો હતો. પોતાના ક્ષેત્રમાં શ્રેષ્ઠ કામગીરી કરીને દેશના વિકાસમાં યોગદાન આપે તેવો હોવો જોઈએ તેમ તેમણે જણાવ્યું હતું.

# ખંડણી ઉઘરાવતી સસ્પેન્ડેડ મહિલા કોન્સ્ટેબલ ઝડપાઈ

**નયના** બારૈયાએ બળાત્કારની અરજી કરી સમાધાનના બહાને રૂપિયા માંગ્યા હતા

સુરત : પુણા વિસ્તારમાં રહેતા ૪૩ વર્ષીય વેપારીને સોશિયલ મીડિયા પર બદનામ કરી લાખો રૂપિયા પડાવવાના ચકચારી પ્રકરણમાં પોલીસ દ્વારા વધુ એક મોટી સફળતા મેળવવામાં આવી છે.

આ ગુનામાં છેલ્લા કેટલાક દિવસોથી નાસતી ફરતી ભાવનગરની વિવાદાસ્પદ અને સસ્પેન્ડેડ મહિલા કોન્સ્ટેબલ નયનાબેન નાનજીભાઈ બારૈયાને પુણા પોલીસે સાસણગીર વિસ્તારમાંથી ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ફરિયાદી વેપારી રાજુ ભમર અગાઉ સસ્પેન્ડેડ મહિલા કોન્સ્ટેબલ નયના બારૈયા સાથે ૨૧ મહિના સુધી લિવ-ઈન રિલેશનશિપમાં રહ્યા હતા. દરમિયાન, નયના બારૈયાએ કામરેજ પોલીસ મથકે આ લિવ-ઈન પાર્ટનર વિરુદ્ધ બળાત્કારની અરજી આપી હતી. આ અરજીમાં સમાધાન કરવાના બહાને સોશિયલ મીડિયા સ્ટાર કિર્તી પટેલ સાથે મળીને વેપારી પાસેથી ૧૨ લાખ રૂપિયા પડાવ્યા હોવાનો ચોંકાવનારો ઘટસ્ફોટ થયો હતો.

આટલું જ નહીં, ગત ૫મી જૂનના રોજ કીર્તિ પટેલે વેપારી પર વોટ્સએપ કોલ કરી તેમની સરપંચ પત્ની અને ભાઈ વચ્ચે અનૈતિક સંબંધ હોવાનું જણાવી સોશિયલ મીડિયા પર વાણીવિલાસ કરી રીલ વાયરલ કરી હતી.

આ બદનામ કરતી રીલ સસ્પેન્ડેડ મહિલા કોન્સ્ટેબલ નયના બારૈયાએ પણ પોતાની ઈન્સ્ટાગ્રામ આઈડીની સ્ટોરીમાં મૂકી હતી. દરમિયાન બાતમી મળી હતી કે, આ ગુનાની મુખ્ય આરોપી નયનાબેન બારૈયા સાસણગીર વિસ્તારમાં છુપાયેલી છે. જેથી પુણા પોલીસની ટીમે ત્વરિત કાર્યવાહી કરી તેને ઝડપી લીધી હતી.



# 'પરણેલાની પૂંછડી વાંકી' વધુ હસાવવાના પ્રયત્નો અવરોધ બન્યા

સુરતઃ SMC નાટ્ય સ્પર્ધાના આઠમા દિવસે રંગપૂજા થિયેટરનું 'પરણેલાની પૂંછડી વાંકી' રજૂ થયું. નાટ્યકાર સલીલ ઉપાધ્યાયે જણાવ્યું હતું કે, આ નાટક શરૂઆતમાં પ્રેક્ષકોને હસાવવામાં સફળ રહે છે, પરંતુ આગળ વધતાં તેની ગતિ અને હાસ્યની ધાર મંદ પડે છે. રસિકનો રંગીલો સ્વભાવ અને રાધા (શિવાની સોપારીવાલા) પ્રત્યેનું આકર્ષણ તથા રમણ (દિગંત પંડ્યા) દ્વારા સુશીલા (રિયા શાહ)ને હીરોઈન બનાવવાનો પ્રયાસ હાસ્યની પરિસ્થિતિઓ ઊભી કરે છે. બંને ઘરમાં કામ કરતો કિરણ (મિતુલ લંકાપતિ) નાટકનું સૌથી અસરકારક પાત્ર બની રહે છે. વધારે પડતા હસાવવાના પ્રયત્નો નાટકને અવરોધરૂપ બન્યા. અમુક જગ્યાએ કલાકારોના વધારે મોટે અવાજે સંવાદો બોલાતા નાટકને હાની પહોંચાડી નાટકમાં મનોરંજનની ક્ષમતા ઘટાડી. દિગ્દર્શક અને અભિનેતાની બેવડી ભૂમિકામાં યજત્ર ભટ્ટ નાટકને સંભાળવામાં થોડા અંશે સફળ રહ્યા. સુશીલાના પાત્રમાં રિયા શાહ પાત્ર અનુરૂપ રહ્યા. પ્રથમ અંકમાં આ બાબત પ્રમાણમાં અસરકારક રહી, પરંતુ બીજા અંકમાં ગતિ ધીમી પડતાં પ્રસંગો ખેંચાયેલા લાગ્યા અને હાસ્યનો પ્રભાવ નોંધપાત્ર રીતે ઘટ્યો.

### આજનું નાટક

ઈવેન્ટઝ ટ્રી સંસ્થાનું 'પેશન્ટ નંબર-૧૧'